# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૧૮ • તા.૧૩ જુલાઈથી ૧૯ જુલાઈ ૨૦૨૪




**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## स्वाभिमान

# શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની સ્વાભિમાન સમિતિ, ધન્વંતરી યોજનામાં જ્ઞાતિજનોનું મળી રહ્યું છે સમર્થન

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.


For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

-: કાર્યાલય :-

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

# સફળ લીડર બનવાની પ્રક્રિયા

પરિવર્તન સંસારનો અફર નિયમ છે. પછી તે કારકિર્દીની વાત હોય, જીવન કે સંબંધોની અથવા વ્યવહારની વાત હોય. શરૂઆતે ઘરેડમાં ખૂંપેલો જીવ બદલાવ માટે તૈયાર ન થઈ શકે તો પણ આખરે બદલાવતો કરવું જ પડે છે. કારણ કે સમય પ્રમાણે થતું પરિવર્તન આમ તો પ્રગતિનો પાયો બને છે. આમ છતાં બદલાવની વાતને સ્વીકારવું અઘરું હોય છે.

લીડર એ એક ધ્યેય નિષ્ઠ હોય છે. જે તેના હાથ નીચેના સહકારીઓ પ્રત્યે કોમળ હોય છે તો અમુક અંશે કઠોર હોય છે. સફળ થવા માટે સફળ સુકાની, સરદાર કે સફળ સંચાલક બનવું એ પ્રાથમિક જરૂરિયાત છે. ઉતમ એ હોય છે તે પોતાના કર્મચારીઓને માનસિક બદલાવ માટે તૈયાર કરે છે તો નવી નવી ટેકનોલોજીથી તેમને અવગત કરાવે છે, તેની તાલીમ આપે છે. તે ઉતમ માર્ગદર્શક, સર્વશ્રેષ્ઠ શિક્ષક, સર્વોત્તમ સલાહકાર, અદ્‌ભૂત આયોજક, મિલનસાર માનસિક ચિકિત્સક, સ્નેહાળ વડીલ અને વિશાળ દિલ મિત્રની ભૂમિકા દેનાર નેતા જ સફળ સારથી બની ટીમને દોરી શકે છે. જો લીડર જ બદલાવને સ્વીકારી ન શકે અને સમગ્ર ટીમને બદલાવ સ્વીકારવા પ્રેરી ન શકે તો તેનામાં હજુ ઘણું ખૂટે છે તેવું કહી શકાય.

લીડર અને મેનેજરમાં મોટો ફરક છે. લીડર માત્રને માત્ર સફળતાને જુએ છે, તે જાત કરતાં પહેલા પોતાની ટીમની સફળતાને માટે સંકલ્પ બધ્ધ હોય છે. ટીમના એક એક મેમ્બરની ખૂબીઓ અને ખામીઓથી તે સારી રીતે અવગત હોય છે અને એ ખામીઓ સુધરે એ માટે પ્રયત્નશીલ રહે છે. જ્યારે મેનેજર માત્ર પોતાની શાન જળવાઈ રહે તેવું ઈચ્છે છે. મેનેજમેન્ટ સામે પોતાની પ્રતિભા ઉજળી રહે એ માટે પ્રયત્નશીલ હોય છે. તેની હાથ નીચેના કર્મચારીઓની નબળી બાબતો પ્રત્યે ચીડ ધરાવી દમદાટીના દમનથી સુધારવા મથે છે. આમ ઉતમ લીડર બનવું સહેલું, સરળ નથી એ તો મૂર્તિકારના ટિપ્પણે ટિપાઈ ટિપાઈને ઘાટમાં ઘડાવું પડે છે. આખરે તો ઘા સહન કરનાર જ સુરેખ સુઘડ આકારમાં સર્વશ્રેષ્ઠ સર્જવા ઘડાય છે. તૈયાર થાય છે.

- જ્ઞાતિમૈયા

# માનું અવર્ણનીય વ્યક્તિત્વ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

ભાવનગર જિલ્લાના મજાદર ગામે જન્મેલા તળપદી ભાષાના કવિ, લોકસાહિત્યકાર દુલાભાયા કાગની અમર સર્જન કાવ્ય પંક્તિ છે. 'મોઢે બોલું માઁ સાચેય નાનક સાંભરે, મોટપની મજા, મને કડવી લાગે કાગડા. વેદમાં કહેવાયું છે કે માતૃદેવો ભવ. માતાનો સંબંધ, માતાનું સ્થાન સંતાન માટે દેવતુલ્ય છે. સંસારમાં ભલે આપણા સો સગા હશે પણ એમાંનું એક પણ સગું માતાની તોલે આવી શકે નહીં.'

માતા અનેક કષ્ટો, વેદના વેઠીને સંતાનને જન્મ આપે છે. જન્મ સંસ્કારનું રોપણ કરવું, શિક્ષણ મેળવી મોટો બને, ઉચ્ચ કરકિર્દી બનાવે એ માટે પોતાની તકલીફ, પીડા, યાતનાને ભૂલી ઓતપ્રોત રહે છે. બાળક ભલે ગમે તેટલો મોટું-સમજણું થાય તો પણ એને રેઢું મૂકતા માઁનો જીવ ચાલતો નથી. માતા એ સંતાન માટે પ્રથમ ગુરૂ છે. એટલે જ જ્ઞાનીઓએ કહ્યું છે કે એક સંસ્કારી માતા સો શિક્ષકોની ગરજ સારે છે.

માતાને એક સંતાન હોય કે આઠ. પરંતુ માનો પ્રેમ બધા માટે સરખો રહેવાનો. બાળક અંધ-અપંગ હોય, મંદબુધ્ધિ હોય પરંતુ માતાના પ્રેમમાં કોઈ ફરક નથી હોતો. મનુષ્ય જાતિની માઁ જ પોતાના સંતાનને અદકેરું વહાલ કરે છે એવું નથી મૂંગા-અબોલ પશુ પક્ષીઓની જાતિમાં પણ માતા પોતાના બચ્ચાઓને ચણ-ખોરાક લાવીને બચ્ચાની ચાંચમાં મૂકીને ખવડાવે છે તો કૂતરી-વાંદરી-ગાય પોતાના ગલુડિયા, બચ્ચાને કે વાછરડાને ચાટીને, શરીરને વળગાડીને હેત કરે છે. એટલે જ કવિ એ લખ્યું છે કે જનનીની જોડ સખી, નહિ જડે રે લોલ.

ઘરમાં મા ન હોય તો બાળકને ઘરમાં રહેવું ગમતું નથી. પિતાની ગેરહાજરી ચાલી જાય પણ મા નો સાદ સાંભળવા બાળક સતત ઝંખતો રહે છે. પિતાનું અવસાન ત્યાર માતા પોતાના પેટે પાટા બાંધીને બાળકનો ઉછેર કરે છે. રાત દિવસ કાળી મજૂરી કરીને કે આડોશ પડોશના ઘરે કપડાં-વાસણ ઉટકી કોઈપણ વાતે સંતાનનું ઘડતર ન અટકે એ માટે સતત પ્રયત્નશીલ હોય છે.

એકાક્ષરી 'મા' નામના નાનકડા શબ્દ પાછળ પૂરા જીવનની સફળતા છુપાયેલી છે. જેમ ૐના ઉચ્ચારણથી ઊર્જા અને શક્તિ મળે છે. તેવી જ રીતે 'મા' શબ્દનું ઉચ્ચારણ કરતાં પૂરા શરીરમાં ઊર્જા પ્રગટ થાય છે. માની મમતા, સ્નેહ અને વહાલથી પૂરો સંસાર વાકેફ છે. માના આ સદ્‌ગુણના તોલે વિશ્વની કોઈ બીજી શક્તિ આવી શકતી નથી. માની મમતા, સ્નેહ, પ્રેમ જેવી બીજી કોઈ દવા આ સંસારમાં નથી. જે રોગોનું નિદાન મોટા મોટા ડોક્ટર તેની દવાથી કરી નથી શકતા એ કેવળ મા ના પ્રેમ અને વહાલથી થઈ જાય છે.

દરેક રચનાકાર, કલાકાર પોતે સર્જેલી કલાકૃતિ ઉપર પોતાનું નામ આલેખ તો હોય છે. અને એ કૃતિ સર્જન માટે ગૌરવ લે છે. પરંતુ મા એ એકમાત્ર રચનાકાર, સર્જનકર્તા કલાકાર છે. જે બાળકને જન્મ આપી આ સંસારમાં લાવે છે તેની પાછળ પણ પોતાના નામની બદલે પિતાનું નામ આપે છે. આવો ત્યાગ અને સમર્પણ અન્ય ક્યાં કોઈ આપે છે? માનું સંપૂર્ણ જીવન તેના પરિવાર અને સંતાનો પ્રત્યે સમર્પિત હોય છે. એટલે મા એવું વ્યક્તિત્વ છે જેને દુનિયાભરની કોઈ ભાષાના શબ્દો દ્વારા તેનું વર્ણન ન કરી શકો.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

ARIHANT BANK

# SHRI ARIHANT CO-OP. BANK LTD.

**1st July - 31st December 2024**

★ STAMP FRANKING Now Available

## With **LOWEST INTEREST** Rates, we are still very much **Co-operative**

HOME LOAN

CAR LOAN

eAUTO LOAN

2 WHEELER LOAN

***7.49%** (p.a.)

GOLD LOAN

COMMERCIAL VEHICLE LOAN

EDUCATION LOAN

LOAN AGAINST INSURANCE POLICY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| | | | | |
|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

## SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**



SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank

# સમસ્ત મહાજનની સ્વાભિમાન સમિતિના ધનવંતરિ સમર્થક થનારા અજ્ઞાત સદ્‌ગૃહસ્થની અનુમોદના




શ્રી સમસ્ત મહાજનની સિનિયર સિટીઝન જ્ઞાતિજનોની દરકાર, સંભાળ અને કલ્યાણ માટે સતત ચિંતિત અને નવી યોજના લાવવા પ્રયત્નશીલ સ્વાભિમાન સમિતિ વરીષ્ઠ વડીલજનોને મેડિકલ માટે મદદરૂપ થાય એ માટે નિશ્ચિત મુકરર રકમનો સહયોગ આપે છે. ધન્વંતરિ યોજના અંતર્ગત આ સહાય માટે દાતાઓ પોતાનો સબબ સહયોગ આપે છે.

પાનખર અવસ્થામાં પસાર થતાં જ્ઞાતિજનો પ્રત્યે અનુકંપા રાખી પોતાનું નામ અજ્ઞાત રાખી એક સદ્‌ગૃહસ્થ કરૂણા, દયા ભાવ રાખી રૂા.૧ લાખની માતબર રકમ આપી ધન્વંતરિ સમર્થક થયા છે. આ ઉદાર અનુદાન આપનાર ઉદારદિલ દાતા પ્રત્યે સિનિયર સિટીઝન-સ્વાભિમાન સમિતિ અનુમોદના વ્યક્ત કરે છે.


વારાપીર વલી
Park
: સંપર્ક :
અરવિંદ લાલજીભાઈ શાહ
મો. 98256 34649
E-mail : arvindshah1961@gmail.com
વારાપદ્ધર, અબડાસા
મારી
માતૃભૂમીમાં
મારો ઘર

# વારાપીર વલી પાર્ક

## Layout Plan




**AREA TABLE**

| Plot No. | Area | Plot No. | Area |
|---|---|---|---|
| 1 | 222.52 | 38 | 100.47 |
| 2 | 99.86 | 39 | 100.47 |
| 3 | 100.93 | 40 | 100.47 |
| 4 | 102.01 | 41 | 100.47 |
| 5 | 103.12 | 42 | 100.47 |
| 6 | 104.23 | 43 | 100.47 |
| 7 | 105.31 | 44 | 115.62 |
| 8 | 106.39 | 45 | 106.75 |
| 9 | 107.50 | 46 | 100.47 |
| 10 | 154.07 | 47 | 100.47 |
| 11 | 141.43 | 48 | 100.47 |
| 12 | 100.47 | 49 | 100.47 |
| 13 | 100.47 | 50 | 100.47 |
| 14 | 100.47 | 51 | 100.47 |
| 15 | 100.47 | 52 | 100.47 |
| 16 | 100.47 | 53 | 100.47 |
| 17 | 100.47 | 54 | 141.43 |
| 18 | 100.47 | 55 | 141.43 |
| 19 | 193.31 | 56 | 100.47 |
| 20 | 185.28 | 57 | 100.47 |
| 21 | 100.47 | 58 | 100.47 |
| 22 | 100.47 | 59 | 100.47 |
| 23 | 100.47 | 60 | 100.47 |
| 24 | 100.47 | 61 | 100.47 |
| 25 | 100.47 | 62 | 100.47 |
| 26 | 141.43 | 63 | 100.47 |
| 27 | 141.43 | 64 | 100.47 |
| 28 | 100.47 | 65 | 92.09 |
| 29 | 100.47 | 66 | 100.47 |
| 30 | 100.47 | 67 | 100.47 |
| 31 | 251.42 | 68 | 100.47 |
| 32 | 236.10 | 69 | 100.47 |
| 33 | 100.47 | 70 | 100.47 |
| 34 | 141.43 | 71 | 100.47 |
| 35 | 141.43 | 72 | 100.47 |
| 36 | 100.47 | 73 | 100.47 |
| 37 | 100.47 | 74 | 141.43 |

## વારાપીર વલી પાર્ક

ગામ : વારાપધ્ધર, તા. અબડાસા

માદરે વતન ગામ : વારાપધ્ધર સર્વે નં. ૧૪ પૈકી-૧, મધ્યે મધ્યમ વર્ગ ને પોસાય તેવા નાના પ્લોટો પાડવામાં આવેલ છે.

કલેક્ટરશ્રી, કચ્છ જીલ્લા દ્વારા કાયદેસર પરવાનગી બીનખેતી થયેલ અને સીટી સર્વે દ્વારા પ્રમાણીત નકશા મૂજબ પ્લોટ પાડવામાં આવેલ છે. ગામતળની પૂર્વ દિશામાં આવેલ પ્લોટો, જૈન દેરાસરની નજીક ફકત ૨૦૦મીટર (અંદાજીત)ના અંતરે આવેલ છે. વ્યાજબી ભાવ, રોડ, લાઈટ, પાણીની લાઈનો, વગેરે પુરુ કામ કરી દેવામાં આવશે. આજે જ બુંકિંગ કરાવો. સંપૂર્ણ રકમ મળ્યા થી કાયદેસરનાં દસ્તાવેજ બનાવી દેવામાં આવશે.

# શ્રી ક.દ.ઓ.જૈન સંઘ પુનામાં અષાઢી બીજ નિમિત્તે કચ્છી નવ વર્ષની ઉજવણી




શ્રી ક.દ.ઓ જૈન સંઘ પુનાનો રવિવાર તા. ૭ જુલાઈના અગ્રસેન ભવન ચિંચવડ, ખાતે અષાઢીબીજ નિમિત્તે કચ્છી નવવર્ષના ઉજવણીનો કાર્યક્રમ થયો.





એની શરૂઆત સંઘના વાર્ષિક સર્વસાધારણ સભાના આયોજન સાથે કરવામાં આવેલ. એમાં ગતવર્ષ ૨૦૨૨-૨૩ ની વાર્ષિક સામાન્ય સભાની મિનીટસ્‌નું વાંચન તથા મંજૂરી, વર્ષ ૨૦૨૩-૨૪ના ઓડિટેડ હિસાબોની રજૂઆત તથા તેની મંજૂરી, માનદ મંત્રી દ્વારા ગતવર્ષના વિવિધ પ્રવૃત્તિઓનો વાર્ષિક એહવાલ, વર્ષ ૨૦૨૪-૨૫ માટે ઓડિટરની નિમણુકના નિર્ણય થયા. સંઘના નવા કમિટી મેમ્બર્સનું ગઠન થયું.

ત્યારપછી નીચે મુજબની પ્રવૃત્તિઓ સાથે ઉજવણી કરી.

નાના બાળકોએ ફેન્સી ડ્રેસ, સંગીત અને વાદ્યોની પ્રસ્તુતિ કરી. યુવાઓએ UWA નામની કોમેડી નાટિકા (નિર્માણ અને નિર્દેશન ભાવના અને ખુશાલભાઈ મહેશ્વરી)પ્રસ્તુત કરી બધાને ખૂબ હસાવ્યા. એ પછી સંઘ ના કલાકારોએ મનપસંદ ગીતોની રમઝટ જમાવી. કાર્યક્રમની anchoring દીપકભાઈ લોડાયા એ કરી. સ્વાદિષ્ટ ભોજનનો આનંદ લઈ બધા છૂટા પડ્યા.

**પ્રમુખ શ્રી ઉર્વેશ દંડ, ઉપપ્રમુખ શ્રી દીપક લોડાયા, એડવાઈઝર શ્રી ખુશાલ મહેશ્વરી, IPP શ્રી મનોજ ધરમશી,**
**ટ્રેઝરર શ્રી પ્રકાશ લાપસિયા, સેક્રેટરી ડો રૂપલ મોમાયા, જોઈન્ટ સેક્રેટરી શ્રી ધવલ દંડ**
**સમિતિ સભ્યો સૌ જીનલ લોડાયા, ધર્મેન ધુલ્લા, સૌ કાજલ ધુલ્લા, શ્રી ધીરજ દંડ**



# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન યુવા મંડળ, રાયપુર દ્વારા શ્રી કચ્છી નવવર્ષ આષાઢી બીજની ઉજવણી








શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન યુવા મંડળ, રાયપુર દ્વારા દર વર્ષ પ્રમાણે આ વર્ષે પણ શ્રી કચ્છી નવગવર્ષ આષાઢી બીજ (કચ્છી નૂતન વર્ષ) ઉત્સવ રવિવાર, તા.૭ જુલાઈના બપોરે ૩ વાગે થી શ્રી કુંથુનાથ જિનાલય પરિસરના વિવિધલક્ષી હૉલમાં રાખવામાં આવેલ. સર્વપ્રથમ બાલિકાઓ દ્વારા સુંદર શ્રી સરસ્વતી વંદના, શ્રી નવકાર વંદના નૃત્યના માધ્યમથી કરવામાં આવેલ. આ વર્ષના મુખ્ય અતિથિ શ્રી ગિરીશ રતીલાલ શિયાલ અને વિશિષ્ટ અતિથિ શ્રી રતન ચાંપશીભાઈ નાગડાના સાથે મંચ પર મહાજન પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા, શ્રી કુંથુનાથ મહિલા મંડળના પ્રમુખ સૌ. કલ્પના ચેતકભાઈ લોડાયા, યુવા મંડલના પ્રમુખ શ્રી વિરલ રાજેશભાઈ લોડાયા યુવા મંડળના સહ સચિવ ચિ.સંભવ ચંદ્રેશ છેડા મંચસ્થ રહેલ. દીપ પ્રજવલન, માલ્યાપર્ણ અતિથિઓનું સ્વાગત અને એમના પ્રેરણાદાયક ઉધબોધન સાથે સર્વે જ્ઞાતિજનોને શ્રી કચ્છી નૂતન વર્ષ આષાઢી બીજની વધામણી આપેલ.






# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન યુવા મંડળ, રાયપુર દ્વારા શ્રી કચ્છી નવવર્ષ આષાઢી બીજની ઉજવણી








ત્યારબાદ આ વર્ષે પણ વડીલ શ્રી સમ્માન (૭૦ વર્ષના વડીલશ્રી) મા.શ્રી હીરાચંદ કુંવરજી મૈશેરી, શ્રી ભૂપેન્દ્ર ગોવિંદજી મોમાયા, શ્રી તરૂણ પ્રેમજી શિયાલ (ધમતરી), માતુશ્રી ચંપાબેન હીરાચંદ ખીમજી મૈશેરી, માતુશ્રી પુષ્પાબેન નારાયણજીભાઈ મૈશેરી તથા સૌ. જ્યોતિબેન રાયચંદ છેડા (નલીયા-સિહો)નું વિશેષ બહુમાન કરવામાં આવેલ તથા આ વર્ષના ૨ સર્વશ્રેષ્ઠ કાર્યકર્તા ચિ. રજત પ્રવીણભાઈ મોમાયા, ચિ. હર્ષિતા ચંદ્રેશભાઈ છેડાનું સમ્માન કરવામાં આવેલ.



# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન યુવા મંડળ, રાયપુર દ્વારા શ્રી કચ્છી નવવર્ષ આષાઢી બીજની ઉજવણી











ત્યારબાદ વિભિન્ન હરિફાઈઓ રાખવામાં આવેલ. પેપર ક્રાફ્ટ ઓરીગેમી, એક મિનિટ ગેમ, કપલ ગેમમાં સર્વે હર્ષોલ્લાસ સાથે ભાગ લીધેલ. રંગોલી પ્રતિયોગિતા, કુકીંગ પ્રતિયોગિતા નમકીન વાનગીમાં પ્રથમ સૌ.પાયલ ભરત મૈશેરી, દ્વિતીય ચિ.દિશા ચેતન છેડા, ફ્રૂટ કસ્ટર્ડમાં પ્રથમ સૌ.અંકિતા મિલન મૈશેરી, દ્વિતીય સૌ.ભાવના કીર્તિ પોલડીયા, પેપર ક્રાફ્ટ ગ્રુપ I માં પ્રથમ ચિ. પ્રિયાંશ મિલન મૈશેરી, દ્વિતીય ચિ. ધ્યાન ભાવિક નાગડા, તૃતીય મિસ્ટી રિતેશ મૈશેરી, ગ્રુપ II માં ચિ. કાવ્યા જયેશ નાગડા, વન મિનિટ ગેમ ગ્રુપ I માં ચિ. મોક્ષ અમિત જીવાણી પ્રથમ સ્થાન અને ચિ. પૃથ્વી મનોજ જૈન દ્વિતીય સ્થાનમાં રહેલ, વન મિનિટ ગેમ ગ્રુપ II માં ચિ. કૃષ્ણ દિપેશ લાલકા પ્રથમ, ચિ. ભક્તિ સચિન મોમાયા દ્વિતીય સ્થાન, ગ્રુપ II માં સૌ.મંજુલાબેન કુલીનકાંત જીવાણી કપલ ગેમ સૌ. ગીતા દિપેશ લાલકાને પુરસ્કાર દેવામાં આવેલ. સંપૂર્ણ કાર્યક્રમનું સંચાન ચિ. ઋષભ દીપક લાલકાએ ખૂબજ સુંદર રીતે કરેલ. આભાર વિધિ ચિ. સંભવ ચંદ્રેશભાઈ છેડાએ કરેલ અંતમાં સર્વે મનભાવતા ભોજનને ન્યાય આપી છૂટા પડેલ.

# કોઠારા ગામે ચાર્તુમાસ પ્રવેશે શાનદાર સામૈયું કરાયું





અબડાસા મોટી પંચતીર્થીનાં કોઠારા તીર્થે પરમ પૂજ્ય સાધ્વી શ્રી જયધર્માશ્રીજી મહારાજ સાહેબ ચાર્તુમાસ પ્રવેશ કરતાં શ્રી કોઠારા જૈન સંઘ દ્વારા ભવ્યાતિભવ્ય સામૈયું કરવામાં આવેલ. શણગારેલા બેડા, ગહુંલીઓ, ધ્વજા, પતાકા, બેનર, દુપટા-સાફા ધારી, શ્રાવક-શ્રાવિકાઓ સામૈયાનું મુખ્ય આકર્ષણ બન્યા હતા.

કોઠારા જૈન મહાજન પ્રમુખ નલીનભાઇ અજાણી, હેમંતભાઇ અજાણી, રાયચંદ લોડાયા, દીનેશ અજાણી, પ્રવિણ લોડાયા, મધુકાન્ત શાહ તથા હરીશ મુનવર, લહેરચંદ લોડાયા, ઝવેરચંદ ખોના, અનીલ મોતા, મણીલાલ શાહ, મહેન્દ્ર લોડાયા, રમણિક શાહનંદ, શાંતીલાલ ધરમશી હિરાલાલ જીવાણી તથા શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં જોડાયા હતા. પ્રેમચંદ મોમાયાએ ધાર્મિક નારાઓ બોલાવ્યા હતા. જિનાલયે પહોંચી પૂજ્યશ્રીએ માંગલિક શ્રવણ કરાવતાં ચાર્તુમાસનો મહિમા સમજાવ્યો હતો. તોરલબેન શાહનંદે સ્વાગત ગીત રજૂ કર્યું હતું.

નલીનભાઇ અજાણી, દિનેશભાઇ અજાણીએ પ્રાસંગિક ઉદબોધન કરતાં ચાર્તુમાસ ઉજવણી તથા વિવિધ તપારાધનાઓની સમજ પૂરી પાડી હતી. સવારની નવકારશી કોઠારા સામાયિક મંડળ દ્વારા જયારે બપોરનું સ્વામિવાત્સલ્ય માતુશ્રી કાંતાબેન ગોવિંદજી અજાણી તરફથી યોજાયું હતું.

કાર્યક્રમનું સંચાલન પ્રવીણ લોડાયાએ આભાર દર્શન દીનેશ અજાણીએ કરેલ. સમગ્ર વ્યવસ્થા પ્રબોધ મુનવર, ધનપતિ લોડાયા, પ્રદિપ મુનવર, ગુલાબ મોતા, નીલેશ લોડાયા, પનુભા ધલ, ગીરીશ મોમાયાએ સંભાળી હતી.





# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જૂન તથા જુલાઈ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| ૧૪ જુલાઈ ૨૦૨૪ | શ્રી ક.દ.ઓ. મંડળ ડોમ્બીવલી આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ |
| ૧૪ જુલાઈ ૨૦૨૪ | નલિયામાં બિરાજમાન ખોના પરીવારના કુળદેવી સચ્ચાઈ માતાજીને નમતા ભાવિકોની નલિયા મુકામે પહેડી. |
| તા.૮થી ૧૦ ઓગસ્ટ ૨૦૨૪ | શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી જિનાલય, વરાડીયા ૧૨૨ માં ધ્વજારોહણ નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ. મુખ્ય લાભાર્થી શ્રી વરાડીયા વહુ - રાણી ગ્રુપ |
| તા.૦૯ સપ્ટેમ્બર ૨૦૨૪ | શ્રી ક.દ.ઓ.જૈન મહાજન, ભુજ દ્વારા આયોજિત પખાવાજ સાંજે ૬.૦૦ કલાકથી એકમ ભવન, ભુજ. |
| તા. ૭ થી ૯ નવેમ્બર ૨૦૨૪ | વારાપધરમાં બિરાજમાન લાલકા પરીવારના કુળદેવી શ્રી ચામુંડા માતાજીના ભુવાની વિધિ, ૧૪ મી પહેડી તથા હવન. વારાપધર સ્થાને. |
| તા. ૨૪ નવેમ્બર ૨૦૨૪ | છેડા ગોત્રના કુલદેવી અંબે માતાની સારસ્વતવાડી, મુલુંડ મધે સમૂહ પહેડી |

# કારંજા લાડ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી સંયમ ગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૪નો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ થયો





તા.૭ જુલાઈ રવિવારના દિને પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૪નો ચાતુર્માસ મંગલ પ્રવેશ વાજતે ગાજતે ભવ્ય રીતે થયો. સંઘની શ્રાવિકાઓ સુશોભિત બેડા-કળશ શિરે રાખી, ભાતભાતની ગહુલી આલેખી હતી. ભાતીગળ ખોંભા, જરીકામ સાડીઓ પરિધાન કરી લેઝિમ દાવ કરીને તો હર્ષોલ્લાસથી રાસ ગાન કરી સામૈયામાં સામેલ થઈ હતી. શ્રાવકજનો શિરે સાફા ધારણ કરી જૈન શાસનની ધજા લહેરાવતા જયકારાના નારા ગજવતા શોભા યાત્રાને ભવ્ય બનાવી હતી.

# CA હીરાચંદ ડી. દંડે લંડનથી માસ્ટર ઈન લીડરશીપ ડિગ્રી મેળવી



શ્રી અરિહંત કો.ઓ.બેંકના પૂર્વ ચેરમેન પ્રકાશ સમીક્ષાના સંપાદક અને ફિલ્મ પ્રોડક્શન અને ડિસ્ટ્રિબ્યુશન વ્યવસાય સાથે સંકળાયેલા ૭૨ વર્ષીય હિરાચંદભાઈ ડી. દંડ લંડનથી માસ્ટર ઈન લીડરશીપની ડિગ્રી મેળવી શીખવા માટે ઉંમર એક નંબર માત્ર છે એ સાબિત કર્યું છે. તેઓ વર્ષ ૨૦૨૩ના સંપૂર્ણ સમયના વિદ્યાર્થી તરીકે લંડન બિઝનેસ સ્કૂલમાં એક વર્ષ અભ્યાસ કર્યો અને નેતૃત્વ અને વ્યૂહરચના- Leadership and strategy માં માસ્ટર્સ કર્યું. તા. ૩ જુલાઈ ૨૦૨૪ના લંડનમાં દીક્ષાંત સમારોહમાં તેઓને ડિગ્રી સનદ મળી. વરિષ્ઠ વયમાં આ ગૌરવ પ્રાપ્ત કરવા બદલ હિરાચંદભાઈ દંડને અનેકાધિક અભિનંદન.

# છેડા ગોત્રના અંબે માતાની મુંબઈ મધે પહેડીનું આયોજન

શ્રી અંબે ધામ નલિયા સ્થાનકના છેડા ગોત્ર પરિવારની સમૂહ પહેડીનો કાર્યક્રમ તા.૨૪ નવેમ્બર રવિવાર કારતક સુદ ૯ના દિને સારસ્વતવાડી, ઝવેર રોડ, મુલુંડ મધે આયોજિત કરાયો છે. આ તારીખ નોંધી છેડા ગોત્ર પરિવારના સૌને પધારવા અને દર્શન તથા પહેડી પ્રસાદનો લાભ લેવાનું આમંત્રણ આયોજક તરીકે છે.


|| દંતાણી તીર્થ મંડન શ્રી સીમંધરસ્વામિને નમઃ ||

|| વિધિપક્ષ અચલગચ્છ પ્રર્વતક દાદા ગુરૂશ્રી આર્યરક્ષિતસૂરિ ગુરૂભ્યો નમઃ ||

શ્રી સીમંધરસ્વામિ પ્રશંસિત, મહાત્યાગી-ક્રિયોદ્ધારક, વિધિપક્ષ (અચલગચ્છ)
પ્રવર્તક પ.પૂ.દાદાગુરૂદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની જન્મ દીક્ષા ભૂમિની સ્મૃતિમાં નિર્મિત

## શ્રી આર્યરક્ષિત જૈન શ્વેતાંબર તીર્થ

**શ્રી સીમંધરસ્વામી વીશ વિહરમાન ૩૨ વિજય મહાવિદેહ તીર્થ**
**આમુલચૂલ ભવ્ય સંગેમરમર ૩૨ જિનાલય સહ**

દાદા ગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.ના ગુરૂ મંદિર (દાદા વાડી)નું જીર્ણોધ્ધાર... નવ નિર્માણ

તીર્થ સંસ્થાપક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા

તીર્થ પ્રેરક : જીર્ણોધ્ધાર માર્ગદર્શક : પુણ્ય પ્રભાવક સામ્રાજ્ય,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા

**અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવનો મુહૂર્ત :**
**વિ.સં. ૨૦૮૧ મહા વદ-૧ ગુરુવાર. ૧૩/૨/૨૦૨૫**
**આજથી જ નક્કી કરો કે તમારે દંતાણી તીર્થની મુલાકાત લેવી છે.**

**ઉત્તમ ભોજનશાળા - એસી/નોન એસી આધુનિક ધર્મશાળાની પરમ સુવિધા**

• સંપર્કઃ મેનેજર - ભરતભાઈ દંડ - 9929917712

**સૌજન્ય : શ્રીમતિ ભાવના નરેન્દ્ર ટોલિયા (અમરેલી-ગુજરાત)**

# Anumodana

## Sanjivani Case - 144

**Name:Mr. Nayan Kamlesh Dand, Age : 38 yrs. Village: Sandhav (Haal:Vadodara)**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj jain Temple & Its Sadharan Fund Trust, Mumbai | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli - Mumbai | 30,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri KDO Jain Samaj, Vadodara | 5,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 3,000.00 |
| Shri KDO jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shri KDO jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher (Silent Donor) | 1,01,000.00 |
| Shrimati Alpaben Gautam Dharamshi, Kothara - Bangalore | 10,000.00 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000.00 |
| Ms. Malika Nishith Dand, Tera - Vadodara | 5,001.00 |
| Matushri Jayaben Motilal Lodaya, Moti - Khavdi , Ghatkopar | 5,000.00 |
| Shrimati Pushpaben Hansraj Chatrabhoj Khona, Vapi ( Shree Sai Flexi Foils) | 5,000.00 |
| Shrimati jayshreeben Jain, Mulund | 5,000.00 |
| Shrimati Madhuben Hirachand Dand, Lala - Mulund | 4,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Well Wisher | 2,000.00 |
| Shri Nilesh Karamsey Vikamsey | 2,000.00 |
| Well Wisher | 1,001.00 |
| Well Wisher | 1,000.00 |
| Shri Nitin Raychand Sayla, Suthari - Bhandup | 1,000.00 |
| Shri Rajendrakumar Umarshi Desai (Lapasiya), Raichur | 1,000.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey | 1,000.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

## Sanjivani Case - 145

**Name:Mr. Vardhman Lakhamshi Luthia, Age : 69 yrs. Village: Nani Khawdi (Haal: Dombivli)**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj jain Temple & Its Sadharan Fund Trust, Mumbai | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli - Mumbai | 25,000.00 |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri Nani - Khavdi KDO Jain Sangh | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Coimbatore | 5,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 3,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hydrabad | 3,000.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri KDO jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| Shri KDO Jain Mahajan, Tera | 2,000.00 |
| **Platinum Patron** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 2,500.00 |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 2,500.00 |
| Shri Tokarshi Anandji Lalka, Lala, Vashi, Navi Mumbai | 2,500.00 |
| **Diamond Patron** | |
| Late Smt. Hemlata Mulchand Nagda (H: Shri Bhavin T. Nagda) Tera, Mumbai | 2,000.00 |
| Late Shri Mulchand Visanji Nagda (H: Shri Manikant Visanji Nagda) Tera, Mumbai | 2,000.00 |
| Shri Hans B. Khimji, Tera, Matunga | 2,000.00 |
| Mrs. Neetaben Jaldeep Daulat, Las Vegas, USA | 2,000.00 |
| Matushri Laxmiben Javerchand Dharamshi (H: Yogita Dhirish Dharamshi)Kothara, Bijapur | 2,000.00 |
| Matushri Manibai Champshi Luthia & Shri Champshi K. Luthia, Raidhanjar | 2,000.00 |
| Shri Pratap P. Dharamshi ( H: Anjana P. Dharamshi ), Mumbai | 2,000.00 |
| **Gold Patron** | |
| Shri Ramesh Trikamji Soni, Vanku, Wadala | 2,000.00 |
| Matushri Velbai Devji Khona, Arikhana, Ahmedabad | 2,000.00 |
| Shri Khirendra Govindji Lodaya ( H: Usha K. Lodaya) Naliya , Vadodara | 2,000.00 |
| Matushri Dhanbai Premji Narpar Shah (Lodaya) (H: Tejal Rajesh Shah) Moti Sindhodi, Wadala | 2,000.00 |
| Smt. Manorama Naresh B. Momaya ( H: Smt. AnaghaVikash Shah & Parag N. Shah) Naliya , Ghatkopar | 2,000.00 |
| Late Kum. Meetal Mahesh Lodaya ( H: Shri Mahesh Chatrabhuj Lodaya), Rapar Gadhwari, Ahmedabad | 2,000.00 |
| Shri Sushilbhai Laxmichand Shah, Manjal Reladia, Matunga, Mumbai | 2,000.00 |
| Late Smt. Jhamkuben Hemchandbhai Dharamshi ( H: Shri Dilip Kunverji Dand) Suthri, Ahmedabad | 2,000.00 |

| | |
|---|---|
| Shri KDO Jain Sarvoday Mandal, Mulund , Mumbai | 2,000.00 |
| Shri Manish Hirji Shah, Sujapur, Dadar | 2,000.00 |
| Late Shri Hemchandbhai Kunverji Dharamshi ( H: Shri Kunverji Jethalal Dand Family) Suthri , Ahmedabad | 2,000.00 |
| Parab Shakti Sanjivani Society, Mumbai | 2,000.00 |
| Shrimati Yashwanti Chandrakant Lodaya & Shri Chandrakant Damji Lodaya, Kothara, Mulund | 2,000.00 |
| Shrimati Prabhaben Punamchand Laxmichand Dharamshi, Hubli | 2,000.00 |
| Late Shri Hemraj Lalji Meisheri, Jakhau - Pune | 2,000.00 |
| Matushri Jayavati Hemraj Meisheri, Jakahu - Pune | 2,000.00 |
| Smt. Anita Jivraj Lodaya (Haste Kiyan Mikhil Lodaya) Moti Khavdi, Thane | 2,000.00 |
| **Silver Patron** | |
| Matushri Navalben Dhanji Nagda, Naliya ( H: Kalpnaben Raichand Mota , Kuvapadhar - Salem) | 1,000.00 |
| Late Shrimati Hiravantiben Manilal Lodaya, Aarikhana - Dhulia, | 1,000.00 |
| Ek Sadgrahasth | 1,000.00 |
| Shrimati Nilamben Narendrabhai Lalka, (New York) | 1,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher (Silent Donor) | 31,000.00 |
| Shrimati Alpaben Gautam Dharamshi, Kothara - Bangalore | 10,000.00 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000.00 |
| Matushri Jayaben Motilal Lodaya Parivar, Moti Khavdi - Ghatkopar | 5,000.00 |
| Shrimati Pushpaben Hansraj Chatrabhoj Khona, Vapi ( Shree Sai Flexi Foils) | 5,000.00 |
| Shri Khushal Talakchand Nagda | 5,000.00 |
| Well Wisher | 3,000.00 |
| Matushri Lilavantiben Navinchandra Lodaya, Nani khavdi - Coimbatore | 3,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Well Wisher | 2,000.00 |
| Shri Hanskumar Laxmichand Chheda, Sujapur - Bhandup | 2,000.00 |
| Shri Rajendrakumar Umarshi Desai (Lapasiya), Raichur | 2,000.00 |
| Well Wisher | 1,000.00 |
| Shrimati Hemlata Zaverchand Lalka | 1,000.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey, Manjal - Andheri | 1,000.00 |
| Matushri Navalben Jetshi Shial, Daltungi - Dombivli | 1,000.00 |
| Shri Nitin Raychand Sayla, Suthari - Bhandup | 1,000.00 |
| Shri Ratilal Shamji Shah(Momaya) | 1,000.00 |
| Shri Bharat Thobban Lodaya, Calicut | 1,000.00 |
| Shri Rajendrakumar Umarshi Desai (Lapasiya), Raichur | 1,000.00 |
| Shri Dharmesh Lodaya | 500.00 |
| Shri Mehul Chandrakant Vinjahani (Hefa) | 500.00 |
| Shri Rohit Jivraj Poladia | 500.00 |
| Shri Pradip Kumar Vershi Sayla, Vapi | 500.00 |
| Shri Shrikant B. Shah, Raichur | 500.00 |
| Well Wisher | 202.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

## Sanjivani Case - 146

**Name:Mrs. Deepa Hanskumar Khona, Age : 48 yrs. Village: Moti Khavdi (Haal: Dombivli)**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj jain Temple & Its Sadharan Fund Trust, Mumbai | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli - Mumbai | 35,000.00 |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri DBKDO jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Coimbatore | 5,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 3,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri KDO jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Gandhidham | 1,500.00 |
| Matushri Purbai Lakhamshi Lalka Charitable Trust, Kutch | 2,500.00 |
| M/s. Deluxe Logistics Pvt. Ltd. (Shri Kirti Dhanji Dharamshi - Bangalore) | 2,000.00 |
| **Platinum Patron** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 2,500.00 |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 2,500.00 |
| Shri Tokarshi Anandji Lalka, Lala, Vashi, Navi Mumbai | 2,500.00 |
| **Diamond Patron** | |
| Smt. Jayuben Ramesh Momaya, Naliya, Atlanta | 2,000.00 |
| Matushri Damyantiben Champshi Lodaya, Sandhav, Ghatkopar, Mumbai | 2,000.00 |
| Late Matushri Bhanumati Manilal Dhulla & Late Shri Manilal Shivji Dhulla ,Suthri - Mulund (H:Nirenbhai Shah) | 2,000.00 |
| Late . Kumar Dhaval Mayur Lodaya , Motikhavdi, Ghatkopar ( H: Jayaben Motilal Lodaya Pariwr ) | 2,000.00 |
| Shree KDO Classic Foundation, Mumbai | 2,000.00 |
| Kumari Chandni Milan Maheshwari, Jakhau - Pune | 2,000.00 |
| Shrimati Hansha Shah,Naliya, Mahalaxmi ( H: Nirupamaben) | 2,000.00 |
| Well Wishers (Ek Sadgrahasth) | 2,000.00 |
| Shrimati Rita Manikant Lodaya | 2,000.00 |
| **Gold Patron** | |
| Smt. Anita Jivraj Lodaya (Haste Kiyan Mikhil Lodaya) Moti Khavdi, Thane | 2,000.00 |
| Late Kumar Dhawal Mayur Lodaya( H: Matushri Jayaben Motilal Lodaya) Moti Khavdi , Ghatkopar | 2,000.00 |
| Matushri Maniben Ramji Lodaya , Nani Khavdi , Sangli | 2,000.00 |
| Sanghmata Bhartiben Bhagchand Damji Jain Pariwar, (H:Jayesh Jain), Kothara, Mulund | 2,000.00 |
| Well Wishers | 2,000.00 |

| | |
|---|---|
| Shri Rameshbhai ( Kunvarji ) Meghji Mota, Rapar Gadhvari - Mulund | 2,000.00 |
| Late Matushri Manbai Malshi Mota & Pitashri Malshi Kalyanji Mota ( H: Kalpnaben Raichand Mota, Kuvapadhar - Salem) | 2,000.00 |
| Shrimati Damyantiben & Dilipbhai Kunverji Dand, Varadiaya (Ahmedabad) | 2,000.00 |
| Shri Nitin Ratilal Lodaya, Coimbatore | 2,000.00 |
| Shrimati Rekhaben Virendra Lodaya ( Shah ), Varadia - Juhu | 2,000.00 |
| Shrimati Deenaben Janak Daulat , Suthri - U.S.A. | 2,000.00 |
| Matushri Ratanbai Jethabhai Chheda, H: Pinakinbhai J. Chheda, Naliya - Mulund | 2,000.00 |
| **Silver Patron** | |
| Matushri Navalben Dhanji Nagda, Naliya ( H: Kalpnaben Raichand Mota , Kuvapadhar - Salem) | 1,000.00 |
| Late Shrimati Hiravantiben Manilal Lodaya, Aarikhana - Dhulia, | 1,000.00 |
| Ek Sadgrahasth | 1,000.00 |
| Shrimati Nilamben Narendrabhai Lalka, (New York) | 1,000.00 |
| Sethshri Champshi Dhanji Dand ( Khamgamwala), H: Smt. Nilam Lalka (U.S.A) | 1,000.00 |
| Matushri Laxmibai Champshi Dand ( Khamgamwala), H: Smt. Nilam Lalka (U.S.A) | 1,000.00 |
| Late Matushri Bayabai Jethabhai Punjabhai Lodaya (Sayra) H: Shailesh Jethalal Nagda (Varapadhar) | 1,000.00 |
| Shrimati Harsha Vipul Momaya | 1,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher (Silent Donor) | 1,01,000.00 |
| Shrimati Alpaben Gautam Dharamshi, Kothara - Bangalore | 20,000.00 |
| Shri Milan Hemraj Maheshwari, Jakhau - Pune | 20,000.00 |
| Matushri Laxmiben Javerchand Dharamshi, Kothara - Bijapur | 10,000.00 |
| Matushri Jayaben Motilal Lodaya Parivar, Moti Khavdi - Ghatkopar | 5,000.00 |
| Shrimati Pushpaben Hansraj Chatrabhoj Khona, Vapi ( Shree Sai Flexi Foils) | 5,000.00 |
| Shri Manish Pravinchandra Momaya, Coimbatore | 5,000.00 |
| Shrimati Madhuben Hirachand Dand, Lala - Mulund | 5,000.00 |
| Kumari Hiral Pradip Lodaya, Sayera - Coimbatore | 5,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Matushri Lilavantiben Navinchandra Lodaya, Nani khavdi - Coimbatore | 2,500.00 |
| Well Wisher | 2,000.00 |
| Shri Mahendra Motta | 2,000.00 |
| Shri Rajendrakumar Umarshi Desai (Lapasiya), Raichur | 1,100.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey, Manjal - Andheri | 1,000.00 |
| Matushri Navalben Jetshi Shial, Daltungi - Dombivli | 1,000.00 |
| Shri Amit Jethalal Khona | 500.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# તિરૂપુર સંઘમાં સાધ્વીજી મહારાજ સાહેબનો ચાતુર્માસ પ્રવેશ વાજતે ગાજતે થયો




તા.૭ જુલાઈ રવિવારના સવારે ૮.૧૫ કલાકે પ.પૂ.સાધ્વી ડૉ.શ્રીહર્ષનિધિશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીજી શ્રેયસકરજી મ.સા.નો દક્ષિણ ભારત વિભાગના તિરૂપુર નગર સંઘમાં વાજતે ગાજતે ચાતુર્માસ થયો. શ્રી શક્તિ થિયેટર પાસે સવારે ૭.૩૦ કલાકે ભવ્ય સામૈયું કરી મંગલ પ્રવેશના શોભાયાત્રાની શરૂઆત થઈ જે હર્ષોલ્લાસ ભર્યા માહોલ વચ્ચે સવારે ૮.૧૫ કલાકે શ્રી સુવિધિનાથ દેરાસર સ્થળે સમાપ્ત થઈ. સૌ માટે અત્રે માંગલિક નવકારશીની વ્યવસ્થા કરાઈ હતી.

સવારે ૯.૩૦ વાગ્યે ગુણાનુવાદ પ્રોગ્રામ રખાયો. ગુરૂપૂજનના લાભાર્થી પરિવાર માતુશ્રી રશ્મિબેન બુધ્ધિધન મોમાયા હતા. કામળી વહોરવાનો લાભ જવેરચંદભાઈ ધરમશી બિજાપુરએ લીધો હતો. સૂત્ર વહોરવાના લાભાર્થી દીપકભાઈ છેડા, સંઘપૂજન લાભાર્થી શ્રી બડગરા કેડીઓ મહાજન, શ્રી કોઈમ્બતુર કેડીઓ મહાજન, શ્રી તિરૂપુર જૈન સંઘ, શ્રી બિજાપુર જૈન સંઘ.

મુંબઈથી મહારાજ સાહબેના પરિવારજનો સીમાબેન ગાલા, કલ્પેશભાઈ મોતા પધારેલ હતા. કુલ્લે ૧૨૦નું સંઘપૂજન થયું. સ્વામિવાત્સલ્યની વ્યવસ્થા રખાઈ હતી. રાત સમયે અચલગચ્છાધિષ્ઠિયિકા મહાકાલિ માતાની ભક્તિ ભાવના રખાઈ હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાહુલ સતિષ નાગડા અને દીનેશ બોથરાએ કર્યું હતું. ૮૦ જેટલા મહેમાનો બડગરા, સાંગલી, મુંબઈ, હૈદ્રાબાદ, કોચિન, ચેન્નઈ, વાપી, બેંગ્લુરૂ, કલિકટ, પૂના, બિજાપુર, કોઈમ્બતુર, ઈરોડ, હોસુરથી પધારી સંઘની શોભા વધારી હતી. પ્રોગ્રામ આયોજનની વ્યવસ્થા શ્રી સુવિધિનાથ જૈન દેરાસર તિરૂપુરના ટ્રસ્ટીઓ કરી હતી.

દેશ દેશાવરથી તિરૂપુરૂ પધારવાની ઈચ્છા ધરાવતા ભાવિકજનો મુંબઈ, બેંગ્લુરૂ, ગુજરાતથી ડાયરેક્ટ ટ્રેન દ્વારા પહોંચી શકે છે. નજીકનો એરપોર્ટ કોઈમ્બતુર છે. વધુ માહિતી મેળવવા-જાણવા રતિલાલ વેરશી નાગડા-૯૮૯૪૦૪૮૫૮૫, પ્રતાપ હંસરાજ નાગડા-૯૪૪૨૨૪૩૨૯૪ અથવા રાજીવ બુધ્ધિધન મોમાયા-૯૯૪૪૯૫૩૩૬૦નો સંપર્ક કરવો.





# સમાજસેવક ડૉ.ભાગ્યેશ વસંત લાડ મહારાષ્ટ્ર રત્ન એવોર્ડ ૨૦૨૪થી સન્માનિત કરાશે




શ્રીમતી ભાવિકા નવીન હેફાના પતિ, જાણીતા સમાજસેવક ડૉ. ભાગ્યેશ વસંત લાડને મહારાષ્ટ્ર સરકાર દ્વારા મહારાષ્ટ્ર રત્ન ૨૦૨૪ આપવાનું જાહેર કરાયું છે. આ સન્માન માનાર્થીને તા.૨૩ ઓગસ્ટ ૨૦૨૪ના સાંજે ૬ કલાકે યશવંતરાવ ચવાણ સભાગૃહ નરીમાન પોઈન્ટ સ્થળે યોજાનારા પુરસ્કાર વિતરણ સમારોહમાં આ એવોર્ડ રાજ્ય મુખ્યમંત્રી માનનીય એકનાથ શિંદેના હસ્તે રાજ્ય ઉપમુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને ઉદ્યોગ મંત્રી ઉદય સામંતની ઉપસ્થિતિમાં પ્રદાન કરાશે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**લીલાવતી નાગડા**
તા.૭ જુલાઈ (ઉ.૮૦)
**નલિયા-હુબલી**



**પ્રેમચંદ મોમાયા**
તા.૭ જુલાઈ (ઉ.૭૯)
**જખૌ-ગાંધીધામ**



**તરલાબાઈ ખોના**
તા.૭ જુલાઈ (ઉ.૮૧)
**નલિયા-કોચીન**





**ભારતીબેન લોડાયા**
તા.૯ જુલાઈ (ઉ.૮૧)
**કુવાપધર-બોરીવલી**



**હિરેનભાઈ ખોના**
તા.૧૧ જુલાઈ (ઉ.૬૦)
**સુથરી-નલિયા**



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● કચ્છ યુવક સંઘની વર્ષ ૨૦૨૪ થી ૨૬ના બે વર્ષ માટે હોદ્દેદારોની નિયુક્તિ કરાઈ. જેમાં મેનેજિંગ ટ્રસ્ટી તરીકે હેમંત કારાણી, પ્રમુખ તરીકે રાહુલ દેઢિયા, ઉપપ્રમુખ પદે પુનિત મામણિયા, મહામંત્રી પરેશ છેડા, મંત્રી મનિષા સાવલા અને કૌશિક છેડા, ખજાનચી તરીકે નરેશ મોતા તેમજ સહ ખજાનચી તરીકે કુશલ દેઢિયાની વરણી કરાઈ. ટ્રસ્ટ મંડળમાં લક્ષ્મીચંદ ગાલા, દિલીપ રાંભિયા, કાંતિલાલ કારાણી અને ડૉ.પંકજ શાહ તથા વિશેષ આમંત્રિત તરીકે ધીરજ છેડા, ભરત ગોગરી, તેજસ સંગોઈ, સંરક્ષક તરીકે કોમલ છેડા અને તલકશી ફુરિયા વરાયા હતા. કો.ઓપ સભ્યો ગૌરવ તન્ના, ચેતન છેડા, કારોબારી સભ્યો તરીકે અક્ષિત નાગડા, વસંત મારૂ, જયેશ મારૂ, જિજ્ઞેશ ફુરિયા, વિનોદ છેડા, અલ્પેશ ગજરા, ચિરાગ સાવલા અને જિજ્ઞેશ દેઢિયા.

● જૈન સંપ્રદાયમાં સાધુ-સાધ્વીજીને વર્ષમાં બે વખત પર્યુષણ પર્વ પહેલાં અને બીજીવાર ચાતુર્માસ પહેલાં ફરજિયાત કેશલુંચન કરાવવું જ પડે છે. આ જૈન ભાગવત દીક્ષાની ફરજિયાતપણે પાલન કરવામાં આવતી ક્રિયા છે. માથાના વાળ ખેંચી કાઢવાની ક્રિયા તથા જૈન સંતોના વાળ, દાઢી, મૂછના વાળને હાથ વડે જ ખેંચીને કાઢવાની પધ્ધતિને કેશલુંચન કહેવાય છે. ૧૦૦૦ વખત લુંચન કરવાનું સદભાગ્ય ભુજની શ્રાવિકા રિધ્ધિ મૌલિક શાહને પ્રાપ્ત થયું છે. લુંચન કરવાની પ્રેરણા તેમના ગામના જ અચલગચ્છ મૂર્તિપૂજક જૈન સંઘના સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી મળી હતી. નાગલપુર મુકામે ફરીથી લુંચન વ્યવસ્થિત શીખી લીધા પછી સમગ્ર કચ્છમાં જ્યાં સાધ્વીજીનું વિચરણ હોય ત્યાં ત્યાં પોતે સ્વખર્ચે અને સ્વ દ્રવ્યો સાથે સાધ્વીઓનું લુંચન શરૂ કર્યું હતું. અઢાર વર્ષની નિઃસ્વાર્થ સેવા પછી હજુ પણ આ કાર્ય ખૂબ જ નિષ્ઠાપૂર્વક ચાલુ છે. સમગ્ર કાર્યમાં તેમના પરિવારજનોનો ખૂબજ સહયોગ રહ્યો છે. તેમના આ કાર્યની દરેક સંપ્રદાય તથા ગચ્છના સાધુ સાધ્વીઓના પ્રવચનમાં ઉલ્લેખ કર્યો છે. હાલમાં અજરામર પાઠશાળા જૈન ભવન સાથે તેમનું બહુમાન થયું હતું.

● વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગેમિંગ ઈન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલા યુવા નિષ્ણાતોને બોલાવી તેમની સાથે ઈ-સ્પોર્ટસના વિકાસ અંગે ચર્ચા કરી. તેમાં સંવાદ સાધવાની ભુજના યુવાન તીર્થ મહેતાને મળી હતી. જે તેને માટે આ યાદગાર મુલાકાત બની રહી હતી. તાજેતરમાં એશિયન ગેમ્સમાં ઈ-સ્પોર્ટસનો વિધિવત સમાવેશ કરી મેડલ પણ આપવામાં આવ્યા હતા. તીર્થ મહેતા કોમ્પ્યુટર રમવામાં આવતી ઈ-સ્પોર્ટસ ગેમમાં ઝળક્યો હતો. આ ગેમ કર્ડ ગેમ, પોકર અને ચેસની જેમ બુદ્ધિની કસોટી કરતી રમત છે.

● અકળાવી નાખતી ગરમી વચ્ચે લખપત તાલુકાના નારાયણ સરોવર ખાતેના ચિંકારા અભયારણ્યના ૪૦૦ થી વધુ વર્ગ કિલોમીટરમાં પથરાયેલા વિસ્તારમાં વન વિભાગ દ્વારા રકાબી આકારના કૃત્રિમ અવાડા બનાવીને પીવાના પાણીની સગવડ કરાતા એકાદા દાયકા બાદ વન્યજીવો માટે ઉમદા વ્યવસ્થા ઊભી થઈ છે. દોલત પરથી નારાયણ સરોવર ગુનેરીથી બરંદા સુધી ફેલાયેલા અભ્યારણ્યમાં એકસોથી વધુ તળાવો આવેલા છે. જે ખાલી થવાને આરે છે ત્યારે દરેક ચારથી પાંચ વર્ગ કિ.મી.માં કૃત્રિમ અવાડા બનાવાયા છે. જેમાં ટેન્કર મારફતે પાણી ઠલવાઈ રહ્યું છે.

● અબડાસા તાલુકાના કોઠારા ગામના ગુરૂદ્વારામાં શીખ સંપ્રદાય દ્વારા બૈશાખી એટલે કે ખાલસા આજના દિવસની ઉલ્લાસપૂર્વક ઉજવણી કરાઈ હતી. ત્રિદિવસીય કાર્યક્રમમાં કીર્તન સિમરન સહિતના આયોજન થયા હતા. ગુરૂદ્વારા સિંઘ સભા કોઠારા દ્વારા ખાલસા આજના દિવસ વૈશાખીના ઉપલક્ષમાં ત્રિદિવસીય વિવિધ કાર્યક્રમમાં અખંડપાઠ સિમરન કીર્તનમાં બહોળી સંખ્યામાં શીખ સંપ્રદાયના લોકો જોડાયા હતા. ગુરૂ દ્વારામાં કીર્તન લંગર સહિતના આયોજન થયા હતા.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA